सत्यमेव जयते
ગુજરાત સરકાર

# જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
# જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર

પઢે ચલો, બઢે ચલો
RASHTRIYA MADHYAMIK SHIKSHA ABHIYAN

Email Id :bnsdeo@gmail.com Phone No: 02742- 257055

ક્રમાંકઃમા.વિ.ઉ/કવીઝસ્પર્ધા/૨૦૧૮/૫૦૨૯૦ - ૫૦૭૯૦. તા.૧૮/૦૮/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિન સરકારી/નોનગ્રનન્ટેડ
શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

**વિષયઃ– નવમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત કવીઝ સ્પર્ધા અંગે.**
સંદર્ભઃ–કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરના પત્રક્રમાંકઃમાધ્ય/પરચ/૨૦૧૮/૬૬૧૦–૪૪ તા.૧૪/૮/૨૦૧૮ અન્વયે..

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રામક્રિષ્ણ મિશન વિવેકાનંદ મેમોરીયલ રાજકોટ તરફથી સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજંવણીના ભાગરૂપે રાજય સ્તરની ૯મી સ્વામી વિવેકાનંદ વિષયક લેખીત કિવઝ સ્પર્ધા યોજવામાં આવી રહી છે. પત્રમાં જણાવ્યા અનુસાર આ સ્પર્ધા યોજવાનો ઉમદા હેતું વિધાર્થીઓમાં ચરિત્રનિર્માણ થાય, રાષ્ટ્રીય ભાવના જાગે અને સારા નાગરિકોનું ઘડતર થાય તે છે.

તમામ માધ્યમિક તથા ઉચ્ચતર શાળાઓમાં તદન સ્વૈચ્છિક રીતે તેમજ શાળાકીય સમય દરમ્યાન ન હોય તે રીતે ઉપરોકત લેખિત કવીઝ સ્પર્ધા યોજવા તેમજ વિધાર્થીઓને ૯ મી સ્વામી વિવેકાનંદ વિષયક લેખીત કવીઝ સ્પર્ધા સને ૨૦૧૮–૧૯ માં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૮ 16610 -64
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.15/૦૮/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી
તમામ

વિષય : નવમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વીઝ સ્પર્ધા અંગે
સંદર્ભ : શ્રી રામક્રિષ્ણ આશ્રમ , રાજકોટ નો તારીખ ૧૧/૦૭/૧૮ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રામક્રિષ્ણ મિશન વિવેકાનંદ મેમોરીયલ, રાજકોટ તરફથી સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સ્તરની ૯મી સ્વામી વિવેકાનંદ વિષયક લેખીત ક્વીઝ સ્પર્ધા યોજવામાં આવી રહી છે. પત્રમાં જણાવ્યા અનુસાર આ સ્પર્ધા યોજવાનો ઉમદા હેતુ વિદ્યાર્થીઓમાં ચરિત્રનિર્માણ થાય, રાષ્ટ્રીય ભાવના જાગે અને સારા નાગરિકોનું ઘડતર થાય તે છે.

સદરહુ પત્રની સાથે સંલગ્ન માહિતીપત્ર મુજબ તમામ માધ્યમિક તથા ઉચ્ચતર શાળાઓમાં તદ્દન સ્વૈચ્છિક રીતે તેમજ શાળાકીય સમય દરમ્યાન ન હોય તે રીતે ઉપરોક્ત લેખિત ક્વીઝ સ્પર્ધા યોજવા તેમજ આચાર્યશ્રીઓને પ્રેરિત કરવા તેમજ વિદ્યાર્થીઓને ૯મી સ્વામી વિવેકાનંદ વિષયક લેખીત ક્વીઝ સ્પર્ધા સને ૨૦૧૮-૧૯ માં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા અંગે જાણ કરવા સુચના આપવામાં આવે છે .

નોંધ પર મળેલ નિયામકશ્રીના આદેશ અનુસાર

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા. ગાંધીનગર

બીડાણ : ઉપર મુજબ

નકલ સવિનય રવાના :
પ્રતિ
અધ્યક્ષશ્રી
સ્વામી નિખિલેશ્વરાનંદ,
ડૉ.યાજ્ઞિક રોડ, રાજકોટ

tsApp : 63553 31340 / 96628 93905
bile : 9601500750
E-mail : rajkotsvquiz@gmail.com
Website : www.rkmrajkot.com

**SHRI RAMAKRISHNA ASHRAMA**
Dr. Yagnik Road, RAJKOT - 360 001.

# રાજ્ય સ્તરીય

# નવમી 'સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા' : ૨૦૧૮-૧૯

## નિયમાવલી

૧. આ સ્પર્ધામાં ધો. ૯ થી ૧૨ માં ભણતા વિદ્યાર્થીઓ ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં પોતાની શાળા મારફતે ભાગ લઈ શકશે.

૨. પ્રવેશ શુલ્ક રૂા. ૨૦/- (રૂપિયા વીસ પૂરા) રહેશે.

3. શાળાઓએ તેમના સ્પર્ધકોની પ્રવેશ શુલ્કની રકમનો **D.D.** અથવા **રાષ્ટ્રિયકૃત બેન્કનો A/c Payee cheque** આ સાથે નિયત નમૂનાના પત્રકમાં **શનિવાર, તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૮** સુધીમાં વિગતો ભરી ઉપરોક્ત સરનામે મોકલી આપવાનો રહેશે. **D.D.** અથવા **A/c Payee cheque ''શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ''**ના નામે કઢાવવાનો રહેશે.

૪. શાળાઓએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના સ્પર્ધકોનાં નામની યાદી અલગ અલગ આપવાની રહેશે. જો પાછળથી સ્પર્ધકો વધે તો અગાઉનો રેફરન્સ આપીને વધારાની માહિતી આપવાની રહેશે.

૫. તમામ સ્પર્ધકોને ''સહુના સ્વામી વિવેકાનંદ'' પુસ્તક શાળા મારફતે ભેટ મળશે, જેના આધારે સ્પર્ધા યોજાશે.

૬. **આ પુસ્તક શાળાઓને શનિવાર, તા. ૧૩ ઑક્ટોબર ૨૦૧૮ સુધીમાં મોકલવામાં આવશે. જો આ પુસ્તક સમયસર ન મળે તો શાળાએ તે મેળવી લેવા તાત્કાલિક મોબાઈલ નંબર : ૬૩૫૫૩૩૧૩૪૦ / ૯૬૦૧૫૦૦૭૫૦ / ૯૬૬૨૮૯૩૯૦૫ ઉપર સંપર્ક કરવો.**

૭. શાળાઓએ આ પુસ્તક **સોમવાર, તા. ૧ નવેમ્બર ૨૦૧૮** સુધીમાં દરેક સ્પર્ધકને આપી દેવાનું રહેશે.

૮. શાળા કક્ષાની આ સ્પર્ધા **ગુરુવાર, તા. ૨૦ ડિસેમ્બર ૨૦૧૮**ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ના સમયે પોતાની શાળામાં યોજવાની રહેશે.

૯. **શાળા કક્ષાની સ્પર્ધા ઓ.એમ.આર. સિસ્ટમથી યોજાશે અને પ્રશ્નપત્રો શાળાઓને અગાઉથી બંધ કવરમાં શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ તરફથી મોકલી આપવામાં આવશે. સ્પર્ધાના દિવસે જ કવર ખોલવાનું રહેશે.**

૧૦. સ્પર્ધાના પ્રશ્નોના જવાબની ચકાસણી શાળા કક્ષાએ દરેક શાળામાં આચાર્યશ્રીએ કરાવી લેવાની રહેશે. સાચા જવાબ (આન્સર-કી) માટેની વિગતો પ્રશ્નપત્રોની સાથે અલગ બંધ કવરમાં શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા મોકલી આપવામાં આવશે.

૧૧. શાળાના આચાર્યશ્રીઓને સૂચિત કરવાનું કે આ જવાબો (આન્સર-કી) વાળું કવર સ્પર્ધા પૂરી થયા બાદ જ ખોલવું અને પ્રશ્નપત્રની ચકાસણી માટે જ તેનો ઉપયોગ કરવો. તે ઉપરાંત આન્સર-કી સ્પર્ધા પૂરી થયા બાદ અમારી વેબસાઈટ www.rkmrajkot.com પર મૂકવામાં આવશે.

૧૨. શાળાઓને સૂચવવાનું કે તેમનું સમગ્ર પરિણામ **સોમવાર, તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૮** સુધીમાં શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટને અચૂક મોકલવાનું રહેશે.

૧૩. શાળા કક્ષાએ ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનારને શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા માર્ચ ૨૦૧૯ સુધીમાં પ્રમાણપત્ર જે તે શાળામાં મોકલવામાં આવશે.

૧૪. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંકે આવેલ સ્પર્ધકને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં મોકલવાના રહેશે. જો એક કરતાં વધુ સ્પર્ધકો પ્રથમ ક્રમાંક મેળવે તો શાળાના આચાર્યશ્રીએ તેમાંથી પસંદગી કરી **માત્ર એક જ સ્પર્ધકને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં મોકલવાના રહેશે.** દરેક શાળાના પ્રથમ ક્રમાંક મેળવનારને પુરસ્કૃત કરવામાં આવશે.

૧૫. **જો શાળામાં અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમ બન્ને હોય તો બન્ને માધ્યમના એક એક પ્રથમ નંબરને જિલ્લા કક્ષાએ મોકલવાના રહેશે.**

૧૬. **જિલ્લા કક્ષાની સ્પર્ધા શુક્રવાર, તા. ૧૮ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ના સમયે યોજાશે પ્રશ્નપત્રની વ્યવસ્થા શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા થશે જ્યારે બાકીની તમામ વ્યવસ્થા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ગોઠવાશે. આ સ્પર્ધા ૫૦ ગુણની રહેશે, જેમાં ૪૦ ગુણ ઓ.એમ.આર. સિસ્ટમ તથા ૧૦ ગુણ વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોના રહેશે.**

૧૭. જિલ્લા કક્ષાની સ્પર્ધાના જવાબપત્રો શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા તપાસવામાં આવશે.

૧૮. જિલ્લા કક્ષાની સ્પર્ધાનું પરિણામ તથા તેના જ આધારે રાજ્યકક્ષાના સ્તરનું પરિણામ શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા **ગુરુવાર, તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૯**ના રોજ જાહેર થશે જે અમારી વેબસાઈટ www.rkmrajkot.com પર મૂકવામાં આવશે.

૧૯. રાજ્ય સ્તરીય પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર તેમજ દરેક જિલ્લામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનારને શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા **રવિવાર, તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯**ના રોજ યોજાનાર સમારંભમાં પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

૨૦. આ સ્પર્ધા અંગે વધુ માર્ગદર્શન માટે અત્રેની ઑફિસમાં સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ તથા બપોરે 3.૦૦ થી ૬.૦૦ દરમ્યાન **મોબાઈલ નં. ૬૩૫૫૩૩૧૩૪૦ / ૯૬૦૧૫૦૦૭૫૦ / ૯૬૬૨૮૯૩૯૦૫** ઉપર સંપર્ક કરવો.

૨૧. આ ક્વિઝ સ્પર્ધાના સંચાલન માટે સંચાલક સમિતિનો નિર્ણય દરેક બાબતમાં આખરી રહેશે.

## અંદાજીત સમય પત્રક

| | | |
|---|---|---|
| ૧. | પ્રવેશપત્રો, D.D. અથવા **રાષ્ટ્રિયકૃત બેન્કનો A/c Payee cheque** સાથે શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ ખાતે મોકલવાની અંતિમ તારીખ : | **૧૫-૦૯-૨૦૧૮, શનિવાર** |
| ૨. | શાળાને પુસ્તકો મળવાની અંતિમ તારીખ : | **૧૩-૧૦-૨૦૧૮, શનિવાર** |
| 3. | સ્પર્ધકોને શાળા દ્વારા પુસ્તક આપવાની અંતિમ તારીખ : | **૧-૧૧-૨૦૧૮, સોમવાર** |
| ૪. | **શાળા કક્ષાએ લેખિત સ્પર્ધા યોજવાની તારીખ : (સમય : સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦)** | **૨૦-૧૨-૨૦૧૮, ગુરુવાર** |
| ૫. | સ્પર્ધાનું પરિણામ શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટના સરનામે મોકલવાની અંતિમ તારીખ : | ૩૧-૧૨-૨૦૧૮, સોમવાર |

WhatsApp : 63553 31340 / 96628 93905
Mobile : 9601500750
E-mail : rajkotsvquiz@gmail.com
Website : www.rkmrajkot.com

**SHRI RAMAKRISHNA ASHRAMA**
Dr. Yagnik Road, RAJKOT - 360 001.

## રાજ્ય સ્તરીય

# નવમી 'સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા' : ૨૦૧૮-૧૯

## પ્રવેશપત્ર

**શાળાનું નામ :**

**સરનામું : (પીનકોડ નંબર લખવો ફરજિયાત છે.)**

**શાળાનો ફોન નં. :**

**આચાર્યનું નામ :**

**આચાર્યનું સરનામું : (પીનકોડ નંબર લખવો ફરજીયાત છે.) તાલુકા તેમજ છેવાડાની શાળાઓ માટે આ વિગત ખૂબ જ જરૂરી છે.**

**આચાર્યનો ફોન નં./મોબાઈલ નં. :**

**સ્પર્ધાના ઈન્ચાર્જ શિક્ષકનું નામ :**
**મોબાઈલ નં. :** **વૉટ્સએપ મોબાઈલ નં. :**
**શાળાનું** E-mail address :
નીચે બતાવેલ નમૂના પ્રમાણે અલગ યાદીમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના (ધો. ૯ થી ૧૨માં ભણતા) સ્પર્ધકોના નામ મોકલવાનાં છે.

| ક્રમ | સ્પર્ધકનું નામ | ધોરણ | માધ્યમ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

ડી.ડી./ચેક ની રકમ :
બેન્કનું નામ (ફક્ત રાષ્ટ્રિયકૃત બેન્ક)
ડી.ડી./ચેક નં. :

કુલ સ્પર્ધકોની સંખ્યા :

| અંગ્રેજી | ગુજરાતી | કુલ |
|---|---|---|
| | | |

શાળામાં ભણતા ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા :

આચાર્યના સહી સિક્કા

નોંધ : ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના સ્પર્ધકોનાં નામ અલગ યાદીમાં મોકલવાનાં રહેશે.

Birth Anniversary Celebrations of